# 'સપ્તધારા' : બાળસંવેદનાને ઉજાગર કરતી આધુનિક નવલકથા

ફાલ્ગુની સોલંકી
એમ.એ, બી.એડ્, એમ.ફીલ.
ધરમપુર, વલસાડ

સમગ્ર સૃષ્ટિ પર સૌથી અનેરું, રૂડું રૂપાળું ને વ્હાલું કોઈ હોય તો તે છે. પા--પા-- પગલી ભરતું, કાલુંકાલું બોલતું, આંખોમાં અમી વહાવતું બાળક. કોઈને પણ બાળક પ્રત્યે વહાલભર્યું આકર્ષણ થાય જ, એમાં નવાઈ નથી. તેથી જ કદાચ કહેનારાએ સાચું ક્હ્યું હશે કે 'બાળક તો ભગવાનનું રૂપ છે.' માતાપિતાના સાનિધ્યમાં, ઘરના સંસ્કારીત વાતાવરણમાં, સ્કૂલ, કોલેજ, સમાજ આવા અનેક પાસાઓથી બાળકનો ધીમે ધીમે વિકાસ થતો જાય છે. માબાપ દ્વારા બાળકના શારીરિક વિકાસની સાથોસાથ માનસિક વિકાસ અને વ્યાવહારિક વિકાસ પણ થાય છે.

પરતું દુર્ભાગ્યની વાત એ છે કે આજના આધુનિક સમયમાં, ભાગદોડવાળી જિંદગીમાં મોટાભાગનાં માબાપ પોતાના જીવનની અનેક સમસ્યાઓની વિટંવણાઓમાં વિટળાઈ વળ્યા છે. કેટલાક બાળકોના મા-બાપ નોકરી અર્થે બહાર રહે છે તો કેટલાક બાળકોના માતા-પિતા પોતાના જીવનની અંગત સમસ્યાઓના કારણે છૂટાછેડા લઈ અલગ થઈ જાય છે. બાળકોની સામે થતા વારંવારના માતાપિતાના ઝઘડાઓ પણ બાળવિકાસના અવરોધનું કારણ બને છે. આધુનિક નવલકથાકાર હિમાંશી શેલતે માતાપિતાથી કોઈને કોઈ કારણસર વિખૂટા થયેલા સાત બાળકોની સંવેદનાને 'સપ્તધારા' નવલકથામાં ઉજાગર કરી છે. એક તરફ એમણે આ નવલકથા દ્વારા બાળસંવેદના અને તેમની વિકટ પરિસ્થિતિ તરફ માતાપિતામાં જાગૃકતા લાવવાનો પણ પ્રયાસ આદર્યો દેખાદે છે.

નવલકથાની શરૂઆત કલ્પનાને આધારે થાય છે, જેનું મુખ્ય પાત્ર છે. સુચેતા. સુચેતા પોતે માબાપથી જુદી થયેલી સ્ત્રી છે અને તેની સાથે એના જેવાજ માતાપિતાથી અલગ થયેલા સાત બાળકો રહે છે. આ સાતેય બાળકોની જીવનવેદનાની હકીકત જુદી-જુદી રહી છે. આ સાતેય બાળકોના બાળજીવનમાં એવા બનાવો બન્યા હતા કે તેમનું બાળપણ અને બાળમાનસ ઘવાયેલા હતા. ફિક્કું હસતાં, રમવા પરતું રમતા, રોજિંદુ જીવનકાર્ય કરતા આ દરેક બાળકોના હદયના એક ખૂણે આંસુઓનો ડુમો ભર્યો હતો. સાવ જ ચેતના વિનાનું સાતેય બાળકોનું જીવન હતું તેમની નજરો સામે બનેલ બનાવો, પ્રસંગો કે ઘટનાઓએ તેમના જીવનનો ખેલકૂદ, ધીંગામસ્તીનો આનંદ લૂંટી લીધો હતો. દરેક બાળક હસવા માંગે છે. પરંતુ તે હસી શકતું નથી, બાળપણની મસ્તી કરી શકતું નથી. મૌન અને નિરસતામાં સરી પડેલા આ બાળકોની જિંદગીનો સૌથી મહત્વનો તબક્કો - 'બાળપણ' છિન્નભિન્ન થઈ ચુક્યું છે. તો આ નવલકથાની યુવતી સુચેતાના જીવનમાં પણ આવી જ કોઇક આણગમતી ઘટનાનો દાવાનળ ફરી વળ્યો હોય છે. - જે આ નવલકથાનો કેન્દ્રવિષય બની રહે છે.

માનવજીવનમાં અનિવાર્ય અને સાચવવા જેવો સમય જો હોય તો તે છે બાલ્યાવસ્થાનો . બાળકનું બાળપણ બગડયું તો સમજો કે તેમનું જીવન બગડયું. જાણ્યે-અજાણ્યે બાળકોની નજર સામે બનતી સારી-નરસી ઘટનાઓ બાળકના વ્યકિતત્વવિકાસ પર અસર પાડતી જ હોય છે. 'સપ્તધારા'માં પણ સુચેતા સાથે રહેતા દલવીર, રેણુ, સલમા, પુરવ, ગણેશ, બુલ્લાં અને રજત- આ સાત બાળકો એવી જ વિપરિત પરિસ્થિતિનો ભોગ બન્યા છે.એમનો જીવનવિકાસ રૂંધાઇ ગયો છે. આવી વિટંબણાઓમાંથી  તેઓને બહાર કાઢવાની મથામણ સુચેતા કરી રહી છે. છતાં બાળકોનાં હદયમાં પેશી ગયેલો ડર અને વિકૃત અસર તેઓને લાચાર બનાવી છોડે છે.

માનવીમાં હિંસક પ્રવૃતિ રહેલી છે પણ જ્યારે તે બહાર આવે ત્યારે તેની છાપ ખૂબ જ ગંભીર રહે છે અને માણસજાત પરથી વિશ્વાસ ઊઠી જાય એવું પણ બને છે. આ નવલકથામાં કોમી રમખાણો, ખૂન, આગ જેવી હિંસક વૃત્તિઓની ભયાનક પરિસ્થિતિનું નિરૂપણ છે તો સાથે પોતાનું મહત્વ નથી એવું સમજી ટ્રેનની સામે પડતું મૂકી આપઘાત કરનારની વાત છે અને સાથે જ પોતાની આંખે સગી બહેનની હત્યા જોનાર, આ દશ્યને પ્રત્યક્ષ નિહાળનારની વેદના રહી છે. આ બધું ભેગું થાય છે. ત્યારે એક ભયાનક અને અકલ્પનીય ચિત્ર સર્જાય છે. આવા અનેક બનાવો બનતા બની જાય છે. પરંતુ તે માનસપટ પર ઘેરી અને ઊંડી અસર છોડી જાય છે. જેમાંથી માનવી કયારેય બહાર નીકળી શકતો નથી. અહીં સાત બાળકોમાંથી કેટલાક માનવસર્જિત બનાવોનો ભોગ બન્યા છે તો કેટલાક પોતાના ઘરના સભ્યો દ્વારા જ આઘાત પામ્યા છે. બુલ્લા સાત-આઠ વર્ષની કુમળી, નાજુક છોકરી છે. વ્યસની પિતા તેની માતા સાથે દુર્વ્યવહાર કરતા હતા. એકવાર તેઓ એક નાની બાળકીને ઊંચકી લાવે છે. અને રૂપિયા માટે વેંચી નાંખે છે. આ બાબત માલૂમ થતાં જ બૂલ્લાંની માએ પોતાની દીકરીની સલામતી માટે પોતાના પતિને ખાવામાં ઝેર આપી હત્યા કરી. આથી બુલ્લાની માને જેલમાં જવું પડયું અને બુલ્લા મા-બાપ વિનાની નિરાધાર થઈ ગઈ. પિતા વગર તેને ગમવા માંડયું હતું પરંતુ માતાથી પણ દૂર થવું પડશે એવું તેણે વિચાર્યું સુધ્ધા ન હતું. આખરે બુલ્લાએ એક સાથે મા-બાપ બન્નેનો આશરો ગુમાવવો પડયો. આ પરિસ્થીતમાં બાળકનાં મન પર જે ઘા થાય છે. તેની અસર લાંબા સમય સુધી રહે છે.બુલ્લા સુચેતાની સાથે રહે છે. નીયમીતપણે જેલમાં માને મળવા પણ જાય છે. પરંતુ એ અન્ય બાળકોની જેમ ખુલ્લા મને વાતચીત કરતી નથી. પ્રવૃતિ દરમિયાન કોઇ સાથે હળી-મળી શકતી નથી. રમતોમાં ભાગ લેતી નથી. તે સંકુચિત નથી પરંતુ તેના જીવનમાં બનેલા કારમા બનાવથી તે એકલતામાં સંપડાયેલી છે. તો રેણું પિતા અને કાકાથી ડઘાઈ ગઈ હતી. પ્રેમ સંબંધના કારણે છળકપટ કરી પિતાએ રેણુંની બહેન સેવંતીના ધનુ નામના છોકરા સાથે પ્રેમલગ્ન કરાવી આપવાની મંજુરી આપી, પરંતુ તે જ દિવસે ગામમાં પિતા અને કાકા બન્નેએ મળીને ગામમાં પોતાની આબરું બચાવવા માટે સેવંતીને તલવારથી રહેંસી નાંખે છે. સેવંતી પોતાને બચાવવા માટે રેણુંને બુમો પાડે છે પણ રેણું  કંઈ કરી શકતી નથી.પોતાની બહેનનો શિરચ્છેદ તે નજરોનજર નીહાળે છે. આની અસરથી તે અવાક્ બની જાય છે અને કપટી, ક્રૂર પિતા અને કાકાને જોઈને તે ડરી જાય છે. વળી, જ્યારે તેની માતા પણ સેવંતીની હત્યાને અયોગ્ય સમજતી નથી, દુખી થતી નથી ત્યારે રેણું સૌથી વધુ પોતાના જ ઘરમાં અસલામતી અનુભવે છે. આ બનાવથી રેણું પોતાના જ ઘરમાં પરિવારના સદસ્યોની વચ્ચે એકલી બની જાય છે.તે આ હત્યાની મૂક્ સાક્ષી બનીને અત્યાચાર જોતાં પોતાનું જીવન પણ જીવવાનું ભૂલી ગઈ હતી. રાતે તે ગભરાઈને ઊઠી જતી અને તેની બહેન સપનામાં માતાપિતા પાસે જવાની ના કહેતી દેખાતી. બાળકની માનસિકતા આ બધું સ્વીકારવા માટે તૈયાર હોતી નથી. છતાં જે બને છે એનો પ્રતિકાર

કરવાની શકિત તથા સમજ એમનામાં આવે તે પહેલાં તો ભય એમના જીવનને પોતાના ભરડામાં લઈ લે છે. રેણું પણ આવા ભયથી પીડાય છે. અને તે સામાન્ય જીવન જીવી શકતી નથી. તો વળી, પૂરવ, ગણેશ અને રજતને પણ પોતાની નજીકના માણસો દ્વારા જ કડવા અનુભવ થવા પામ્યા હતા.

ઘણીવાર માતા-પિતા પોતાનું ધાર્યું જ પોતાના બાળકો પાસે કરાવતા હોય છે. બાળકના પોતાના વિચારો અને અરમાનો વિશે તેઓ પૂછવા કે જાણવા સુધ્ધા માંગતા નથી . આ બાબતથી પણ ઘણીવાર બાળકો પોતાના જ ઘરમાં મા-બાપથી અકળામણ અને ગૂંગળામણ અનુભવતા હોય છે. રજત પણ આવી જ પરિસ્થિતિનો પીડીત બાળક છે. રજતના પિતા પોતાના વિચારો દ્વારા રજતને સફળ બનાવી આગળ વધાવવા માંગતા હતા. જ્યારે રજતે પોતાની ઈચ્છા અને પસંદગીથી આગળ વધી સફળ થવું હતું. પિતાનો વિરોધ તે કરી શકતો ન હોવાથી અને અકળામણ અનુભવતો હોવાથી એક દિવસ તે ટ્રેનની સામે પડતું મૂકી જીવન ટૂકાવવાનો પ્રયત્ન કરે છે પણ તેને બચાવી લેવામાં આવે છે. આખરે રજતને આપઘાત કરવાનો વિચાર કયાંથી આવ્યો? ઘરના સભ્યોના અણગમતા અને દબાણપૂર્વકના વર્તનથી કંટાળી ગયેલો બાર-તેર વર્ષનો રજત સમજદાર છોકરો હોવા છતાં આવી માનસિકતા તે સહન કરી શકતો નથી. રજતને પોતાનો વિકાસ સાધવામાં પિતાના વિચારો નડતરરૂપ લાગતા હતા. આ વાત તેના પિતા કયારેય ન સમજી શકયા અને સતત રોકટોક કરવાથી રજત માનસિક રીતે પડી ભાંગ્યો હતો. પિતાએ પોતાના બાળકની પરવાહ કરવાને બદલે સમાજમાં પોતાની આબરૂ અને પ્રતિષ્ઠા વધારવા તરફ વિશેષ ધ્યાન આપ્યું . પિતા રજતના મિત્ર બની ન શકયા ને દુશ્મન બની બેઠા. રજતના મનમગજ પર પોતાના જ વિચારો લાદવાનો પ્રયત્ન કર્યો અને તેમાંથી સંઘર્ષ ઊભો થયો. રજત માટે આ અસહ્ય થઇ પડતાં તેણે આપઘાતનો રસ્તો અપનાવ્યો. તો વળી, ગણેશ ગેરસમજનો શિકાર બન્યો હતો. પ્રાથમિક શાળામાં ભણતા ગણેશના વર્ગમાં પૈસા ચોરાયા ને વર્ગશિક્ષક દ્વારા બધા જ બાળકોની તપાસ કરવામાં આવી. જો કે તેઓની પાસેથી કશું ન મળ્યું. પરંતુ આ પ્રસંગથી અપમાનિત થવાની ગેરસમજને કારણે તેનો એક મિત્ર પોતાના શરીરે પથ્થર બાંધી નહેરમાં પડતું મૂકી આપઘાત કરે છે. આ ઘટના બાદ ગણેશને તે દિવસથી વર્ગશિક્ષક 'રાક્ષસ' જેવો લાગે છે. તે શિક્ષકને અપમાનજનક શબ્દો બોલે છે ને પુસ્તકોને ત્યાં જ સળગાવી દઇ ભણતરને નેવે મૂકે છે. આ બનાવથી તેનામાં ભણવાની રુચિ ન રહી. શિક્ષણનું મહત્વ જીવનમાં અનેરું હોવા છતાં તે ભણવા ન જઇ શકયો. આ બનાવમાં ન તો ગણેશનો કોઇ વાંક હતો કે ન તો શિક્ષકનો. પરંતુ ગણેશના બાળમાનસમાં તે શિક્ષક 'શિક્ષક' નહિ પણ પોતાના મિત્રોનો હત્યારો સાબિત થયો. ગણેશની આ ગેરસમજ કોઇએ દૂર કરવાનો પ્રયત્ન ન કર્યો. ગણેશ આવી ગેરસમજનો ભોગ બનતા ન ભણી શકયો કે ન તો જીવનમાં આગળ વધી શકયો. ગણેશને કોઇકે શિક્ષણનું મહત્વ અને શિક્ષકનું વ્યાજબી વર્તન વિશે સમજાવ્યું હોત તો કદાચ તેનું જીવન શિક્ષણથી વંચિત ન રહી જવા પામ્યું હોત. તો વળી, માનવહોનારતમાં દલવીર અને સલમા આ બંને બાળકોએ પોતાનો કુટુંબપરિવાર પ્રત્યક્ષ નજરોનજર વેરવિખેર થતો જોયો છે. દલવીરે પોતાના માતપિતાના મૃતદેહો જોયા અને પોતાની સૂઝબુઝ ગુમાવી દે છે. એના જીવનમાં શૂન્યતા અને એકલતા વ્યાપી વળે છે. એકલો ખૂણામાં ગુમસુમ રહેતા દલવીરની આ દશા જોતાં તેના ચાચા તેને દિલ્હી લઇ આવે છે અને તે પોતે કંઇ વધુ સમજે એ પહેલાં તો ત્યાં કોમી રમખાણો ફાટી નીકળે છે. આ રમખાણોમાં થતા ખૂનખરાબા, તલવારની ધાર વડે ધડથી અલગ થતા ગળા, એકબીજાનના લોહીના તરસ્યા બનીને આડેધડ ગુના કરતા માણસો - આ બધું દલવીર છૂપાઇને જુએ છે. 'આ બધું શું અને શા માટે થઇ રહ્યું છે ?' આવો પ્રશ્ન તેના મનમાં ઉઠે

છે પરંતુ તે સમજી શકતો નથી. માણસોની લોહીલુહાણ હાલત અને મૃતદેહો તેના મન પર ઊંડી અસર કરી જાય છે. આ બધું તેના જીવનને છિન્નભિન્ન કરી નાંખે છે. તેની બાળપણની નિર્દોષતા અને ચપળતા છિનવાય જાય છે. હસવું, ખેલવું-કુદવું ભુલાઇ જાય છે. રમતવીર અને મસ્તીખોર દલવીર શાંત અને મૂક્ બની જાય છે. તે આનંદમાં કે પ્રફુલ્લિત રહી શકતો નથી. સામાન્ય બાળકોના જીવન જેવું જીવન તે જીવી શકતો નથી. તો સલમાએ પણ કોમી હુલ્લડોમાં પોતાના માત-પિતાને ઘરના સભ્યોને પોતાના ઘરને બળતા જોયા છે. ઘરની બહાર દુકાને સામાન લેવા ગયેલી સલમા સદ્નસીબે બચી જાય છે. પરંતુ પરિવારનું એક પણ સદસ્ય તેના જીવનમાં રહેતું નથી. સર્વ બળીને ખાખ થઇ જાય છે. પોતે નિહાળેલા આ દશ્યથી સલમા સહમી ગઇ હતી. તેણે ત્રણ-ચાર વ્યક્તિઓને આવા વિકૃત કાર્ય કરતા જોયા છે. પોતાના ઘરને કેમ સળગાવી દેવામાં આવ્યું ? આવો પ્રશ્ન તે સહી શકતી નથી. ઘર, મા-બાપ સર્વ છીનવાયા બાદ એકલી અને નિરાધાર સલમાને રાહત કેમ્પમાં અન્ય બાળકો સાથે રાખવામાં આવી પણ તે ત્યાં અન્ય બાળકોની માફક સામાન્ય જીવન જીવતી ન બની શકી. કોમી રમખાણની ઘેરી અસર તેના દિલોદિમાગ પર પડી હતી જે તે સહી શકી ન હતી. તે કોર્ટમાં પણ આ બનાવના સાક્ષી તરીકે લઇ જવાતા કશું બોલી ન શકી. 'આગ' શબ્દમાત્રાથી જ તે ડરી જતી. પોતે જોયેલું દશ્ય તેની આંખો સામે તરવરવા લાગતું.

તો વળી, 'સપ્તધારા'ના આ સાત બાળકોની સંવેદનાની સાથે નવલકથાનું મુખ્ય પાત્ર - સુચેતાની સંવેદના પણ સંકળાતી જાય છે. સુચેતા પણ બાળપણમાં એકલતા અને નિરાધારપણાનો ભોગ બની છે. માતાપિતાના અણબનાવને કારણે તથા માતાએ પિતા સાથેના સંબંધ તોડીને સ્વતંત્રાતા મેળવવા માટે ઘર છોડી દીધું હતું. એક વાર પણ પોતાના અસ્તિત્વની નોંધ માતાએ લીધી ન હતી. સુચેતા માટે આ બધું અસહ્ય હતું. પિતાએ તેને હોસ્ટેલમાં રાખી ભણાવી, જરૂરિયાતની દરેક વસ્તુઓ પૂરી પાડી. તો માતાએ ફોન દ્વારા પુત્રીનો સંપર્ક રાખ્યો પરંતુ સુચેતા માતાપિતાના પ્રેમ અને હૂંફથી વંચિત રહી ગઇ. તેના જીવનમાં મિત્ર પણ વિશ્વાસઘાતી મળતા કોઇની પણ સાથે તે મિત્રાતા ન કેળવી શકી. તેને માતાપિતાનો સાથ ઘણો ઓછો મળ્યો હતો. જેના પરિણામે એના જીવનમાં પણ ઘણી એવી ખોટ રહી હતી પણ તેણે પોતાની સાથે રહેતા સાત બાળકો સાથે આ ખોટ પુરવાના પ્રયરન કર્યા. માતા-પિતા શા કારણે એકબીજાથી દૂર થયા તે કારણ શોધવા મથતી હતી પણ તેને ઉકેલ મળી ન શકયો. સુચેતાએ પોતાની જાતને આ બધી વાતોથી ઉપર રાખીને જીવનની દિશામાં આગળ વધવાનું નકકી કર્યુ હતું. આવા ઉપેક્ષિત અને જરૂરિયાતમંદ બાળકોની સાથે રહીને એમના જીવનને પાંગરવાનું વિકસાવવાનું કાર્ય સુચેતાએ ઉઠાવ્યું હતું. જેમાં તેણે કદી પાછળ ફરી જોયું ન હતું. એનું ખાલીખમ જીવન આ સાત બાળકોથી ભરાય ગયું હતું.

હિમાંશી શેલત આધુનિક અને અનુઆધુનિક યુગ વચ્ચેના સેતુરૂપ સર્જક રહ્યા છે. એમણે બાળકોની દુનિયાનું નિરૂપણ પોતાના સર્જનકાર્યમાં કર્યું છે. જેમાં 'પ્લેટફોર્મ નંબર ચાર' અને 'સપ્તધારા' માં એવા બાળકોની દુનિયા નિરૂપી છે જેઓ બાળપણમાં કોઇ ને કોઇ બનાવના શિકાર બન્યા છે. બાળપણનો આનંદ-ઉલ્લાસ ગુમાવી અંધારઘેરી, ઉપેક્ષિત અને સંઘર્ષભરી દુનિયા સિવાય એમની પાસે કશું હાથ લાગ્યું નથી. 'સપ્તધારા' નવલકથાના શીર્ષક હેઠળ એમણે માનવસર્જિત અત્યાચારનો ભોગ બનેલા બાળકોની કથા નિરૂપી છે. એમની બાળકોની સંવેદનાને નિરૂપતી આ નવલકથા ગુજરાતી સાહિત્યમાં અનોખી બની રહી છે. કારણ કે બાળકની સંવેદનાને કેન્દ્રવિષય બનાવવાનું ખેડાણ કદાચ ભાગ્યે જ કોઇકે કર્યું હોય. બાળકની સંવેદનાને ધ્યાનમાં રાખી આ નવલકથાની શરૂઆતની પ્રસ્તાવનામાં જ

લેખિકાએ જણાવ્યું છે કે – "આપણે બાળકોનાં અપરાધી છીએ એવું લાંબા સમયથી લાગ્યા કરે છે.અપરાધની તીવ્રતા ઓછી-વધતી ખરી, પરંતુ એની ગંભીરતા એક સરખી. આપણી રાજકીય, સામાજિક, ધાર્મિક અને પારિવારિક ઊથલપાથલો બાળકો પાસેથી કેટકેટલું ઝૂંટવી લે છે એનો વિચાર કરવા બેસીએ તો થથરી જવાશે. યુદ્ધગ્રસ્ત દેશો અને અશાંતિગ્રસ્ત રાજયો, જ્ઞાતિપ્રથાનાં વેરઝેર અને કોમી રમખાણો, ગેરકાનૂની કામો અને માનસિક વિકૃતિઓ, નશાખોરી અને બેકારીએ સર્જેલી કૌટુંબિક સમસ્યાઓ – આ બધુંજ બાળપણને છિન્નભિન્ન કરી નાખે છે. આપણાં અવિચારી અને મૂર્ખતાભર્યા કાર્યોનાં પરિણામો વેંઢારીને જીવતાં બાળકો કેટલે અંશે મૃત્યુ પામ્યાં છે એ તો સહુ સમય કાઢીને વિચારે તો કદાચ સમજાય."

ખરેખર, 'સપ્તધારા' નવલકથા બાળસંવેદનાના સ્તરને અવિરતપણે સતત વહેતું રાખનાર ઝરણા જેવું બની રહે છે. એક પછી એક બાળકોના જીવનબનાવો, સંવેદનાઓ, પરિવર્તન અને તેની સાથે સુચેતાની બાળપણથી લઈને અત્યાર સુધીની વેદનાસભર વાતોને એકસૂત્રે બાંધીને લેખિકાએ અલગ જ રૂપ આપ્યું છે અને તેથી સામાન્ય રીતે જોઈએ તો આ નવલકથાનું શીર્ષક 'સપ્તધારા' નહી પરંતુ 'અષ્ટધારા' હોવું આકર્ષક લાગે છે. કારણકે આ નવલકથામાં સાત બાળકોની નહીં પરંતુ આઠ-સુચેતાની સંવેદના પણ અભિવ્યકત પામી છે.

**સંદર્ભગ્રંથ**

૧. 'સપ્તધારા': હિમાંશી શેલત